# શહેરમાં સાંજે કરા સાથે તોફાની વરસાદ

**જનજીવન પ્રભાવિત : આકાશમાંથી આફત વરસી કમોસમી વરસાદથી ખેડુતોમાં ચિંતાના વાદળો : બપોર બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો : પવનના સુસવાટા સાથે માવઠુ થતા સેક્ટરોમાં પાણી ભરાયા : વાાતાવરણમાં ઠંડક પ્રસરી : માવઠાના મારથી ખેડુતો પરેશાન : વિચિત્ર મોસમની અસરથી જનઆરોગ્ય પર વિપરિત અસર**





ગાંધીનગર તા ૧૮
ગાંધીનગરમાં ઉનાળાની શરૂઆતથી જ મોસમનો મિજાજ સતત બદલાતો જોવા મળે છે. છેલ્લા ચાર દિવસથી રોજબરોજ સર્જાતા વાદળિયા વાતાવરણના લીધે ભર ઉનાળે પણ અષાઢી નઝારો નિખરે છે. બે દિવસ અગાઉ પણ રાત્રિના સમયે વરસાદી ઝાપટાથી ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જ્યારે ગઈકાલે રાત્રિના પણ વિજચમકારા વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. જયારે આજે સવારથી વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ પરંતુ બપોર બાદ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો. જેના લીધે સુસવાટા મારતા પવન વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો અને પલવારમાં કમોસમી વરસાદ ખાબકયો હતો. જો કે નવા વિસ્તાર કરતા જુના સેકટરોમાં વરસાદી ઝાપટાનુ જોર વધુ હતુ સે- ૮ સે-૧૯ અને સે- ૨૦ સહીતના કેટલાક વિસ્તારમાં બરફના કરા સાથે ધોધમાર ઝાપટુ વરસ્યુ હતુ જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી વાયરાથી ઠંડક પ્રસરી હતી. ખેડુતો માટે આકાશમાંથી જાણે આફત વરસી હતી કમોસમી વરસાદથી ખેતપાકોની નુકશાનીને ખેડુતોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી વાતાવરણ પલ્ટાની અસર વર્તાઈ રહી છે. બે દિવસ અગાઉ પણ મોડી સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જયારે રોજબરોજ આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળતા ગમે ત્યારે ગાંધીનગરમાં ભારે માવઠુ વરસશે તેવી સંભાવના પ્રબળ જણાંતી હતી ગઈકાલે દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યા બાદ રાત્રિના સમયે પણ વિજચમકારા વચ્ચે મોસમના મિજાજમાં બદલાવ જોવા મળ્યો હતો. આજે બપોર બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો વાદળિયા વાતાવરણ વચ્ચે ધુળની ડમરીઓ ઉડતા સુસવાટા મારતો ઠંડો પવન ફુંકાયો હતો. વાદળ ગર્જના અને વિજચમકારા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. સાંજના ૫:૧૫ ની આસપાસ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના અંતે ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. કેટલાક ઠેકાણે બરફના કરા સાથે વરસાદ પડયો હતો. સે-૭ અને સે-૮ માં પણ ઘણાં ઠેકાણે બરફના કરા પડતા નગરજનોએ કમોસમી વરસાદના આ મિજાજ સામે આશ્ચર્ય વ્યકત કર્યો હતો. વરસાદી સાંજ નિખરતા નગરમાં ભીની માટીની મહેંક પ્રસરવાની સાથે ઠંડક પ્રસરી હતી. જયારે સેકટરોની શેરીઓમાં વરસાદી ઝાપટાથી ઠેર

● અનુસંધાન પાન-૭ પર

## એક જ દિવસમાં ત્રણ ઋતુનો અનુભવ

ગાંધીનગરમાં પ્રકૃતિએ ફરી કરવટ બદલી હતી. ભર ઉનાળે શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. એક જ દિવસમાં ગાંધીનગરાઓએ શિયાળો, ઉનાળો અને ચોમાસાનો અનુભવ કર્યો હતો. ત્રેવડી ઋતુના અનુભવથી વસાહતીઓએ આશ્ચર્ય અનુભવ્યુ હતુ.

ભર ઉનાળે ચોમાસાનો અનુભવ થઈ રહ્યો છે. એક અઠવાડિયામાં જ બે વાર કમોસમી વરસાદનો અનુભવ થયો છે. આજે સવારે વાદળો છવાતા ઠંડીનો અનુભવ થયો હતો. જ્યારે બપોરે ગરમી લાગતી હતી. બપોરે એસી ચલાવવુ પડે તેવો બફારો અનુભવાયા બાદ સાંજે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. કેટલાક સ્થળોએ કરાં પણ પડ્યાં હતા. એક જ દિવસમાં શહેરીજનોએ ઠંડી, ગરમી અને વરસાદનો અનુભવ કર્યો હતો.

## શહેર અને ગ્રામ્યમાં નવા બે-બે કેસ કોરોનાના નોંધાયા

**સે. ૨૬માં ગૃહીણી અને સે. ૭ માં ૭૪ વર્ષીય વડીલ કોરોનાથી સંક્રમિત, ગાંધીનગરના દશેલામાંથી યુવાન અને દહેગામના સાણોદામાંથી ૩૦ વર્ષીય મહિલા સંક્રમિત**

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૪ કેસ નોંધાયા છે. શહેરમાં બે અને ગ્રામ્યમાં બે કેસ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં નોંધાયેલ બે કેસમાં સે. ૨૬ની મહિલા દર્દીને કાર્ડિયાક પ્રોબ્લેમ થતાં યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

શહેરમાં આજે બીજો કેસ સે. ૭માં નોંધાયેલ છે. ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જો કે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા બે કેસ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા ૭૫૨ પહોંચી છે. જેમાં ૫ મહિલા અને બે પુરૂષ દર્દી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસના વિરામ બાદ આજે બે કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના દશેલા ગામે ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત દહેગામ તાલુકાના સાણોદા

● અનુસંધાન પાન-૭ પર

## વિક્રમ : મિલ્કત વેરો ૫૦ કરોડને પાર

**મનપાને વેરા-વસુલીનો આંક ૫૦ કરોડને પાર થયો : નોટીસો આપ્યા પછી મિલ્કતવેરાની વસુલી આ મિલ્કતધારકો પાસેથી રૂ. ૧૧ કરોડથી વધુ થઈ : સૌથી વધુ નોટીસ મધ્યઝોનમાં ૮૨૫ મિલ્કતધારકોને, ઉત્તર ઝોનમાં ૩૯૮ અને દક્ષિણ ઝોનમાં ૩૦૯ મિલ્કતધારકોને અપાઈ**

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર મનપાની મિલ્કતવેરાની વસુલી ૫૦ કરોડને પાર થઈ છે. જો કે તે લક્ષ્યાંકની સામે ૬૫ ટકા જેટલી જ છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે છેલ્લા ત્રણ મહિનામાં ૧૦ કરોડ જેટલી આવક મિલ્કતવેરાની થઈ છે. તંત્રએ વેરા વસુલી માટે નોટીસ આપવા ઉપરાંત સીલીંગની હાથ ધરેલી કામગીરીને કારણે આ વસુલાત થઈ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં મિલ્કતવેરાની વસુલાત ૧-૪-૨૧ થી ૩૧-૧૨-૨૨ સુધીમાં ૩૩ કરોડ ૨૦ લાખ જેટલી થઈ હતી જ્યારે ચાલુ વર્ષે આ વસુલાત ૫૦ કરોડ ૧૮ લાખથી વધુ થઈ છે. તંત્રએ આ આવક ૫૫ કરોડને પણ પાર થશે તેવો અંદાજ રાખ્યો છે. જો કે તંત્રએ વસુલી માટે ખાસ ટીમો પણ બનાવી છે.

તંત્રએ આ વખતે મિલ્કતવેરાની બાકી વસુલાત માટે ૧૫૩૨ મિલ્કતધારકોને નોટીસ આપી હતી અને ૩૦ જેટલી મિલ્કતો સીલ કરી છે. મિલ્કતવેરાની વસુલી ફેબ્રુઆરી-૨૩માં વિક્રમી રહી છે. જે ૫ કરોડ ૬૫ લાખથી વધુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે નોટીસો અપાયા પછી તંત્રએ રૂ. ૧૧ કરોડ ૩૧ લાખથી વધુની વસુલી કરી છે.

ગાંધીનગર શહેરને ઝોનમાં વિભાજીત કરવામાં આવ્યુ છે. જે ૧૫૩૨ મિલ્કતધારકોને નોટીસ આપવામાં આવી છે તેમાં નોર્થઝોનમાં ૩૯૮, મધ્યઝોનમાં ૮૨૫ અને દક્ષિણઝોનમાં ૩૦૯ મિલ્કતધારકોને નોટીસ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સૌથી વધુ વસુલાત મધ્યઝોનમાં બાકી રહી છે. વોર્ડ નં. ૪, ૫ અને ૬ ના બનેલ આ ઝોનમાં નોટીસો ઈસ્યુ કરાયા પછી માત્ર ૩ કરોડ ૬૯ લાખ રૂ.ની જ વસુલી પ્રાપ્ત થઈ છે. સૌથી વધુ વસુલી નોટીસો અપાયા પછી દક્ષિણઝોનમાં થઈ છે જે રૂ. ૪ કરોડ ૫૮ લાખથી વધુ છે. ઉત્તર ઝોનમાં પણ નોટીસો અપાયા પછી રૂ. ૩ કરોડની વસુલાત મેળવી શકાઈ છે.

જે ૩૦ એકમો સીલ કરવામાં આવ્યા છે તેમની પાસેથી લગભગ પોણા બે કરોડ જેટલો મિલ્કતવેરો વસુલવાનો બાકી છે.

તંત્રએ જે મોટા મોટા મિલ્કતવેરાના બાકીદારો છે તેમની પાસે વસુલાત માટેની ઉઘરાણી કરવા ખાસ ટીમોનું ગઠન કરવામાં આવ્યુ છે.

મિલ્કતવેરાની નોટીસો જારી કરાયા બાદ કેટલીક રકમ ડિસ્પ્યુટેડ થવા પામી છે. જેમની આકારણી પણ નવેસરથી કરવાનો નિર્ણય તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કમોસમી વરસાદથી ઘઉંના પાકને ભારે નુકશાનની ભીતિ

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર જિલ્લામાં બે દિવસથી થઈ રહેલા છુટા છવાયા વરસાદને લઈ ખેડૂતોને ઘઉંના પાકમાં મોટુ નુકશાન થવા પામ્યુ છે.

કમોસમી વરસાદને કારણે ઉભો પાક પલળી જવા પામ્યો છે તેમજ ઘઉંના દાણામાં પણ કાળી ટપકી થતાં તેની ગુણવત્તા પર અસર થવાના ભયે ખેડૂતોને ભાવ નહિ મળવાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં જે રીતે વરસાદ થઈ રહ્યો છે તેનાથી બટાટા બાદ હવે ઘઉંના પાકને પણ નુકશાન થતાં ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. આ બન્ને પાકની વાવણી જિલ્લામાં સૌથી વધુ થઈ હતી.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં સતત હવામાનની પ્રતિકૂળતાઓ વચ્ચે ખેડૂતની હાલત કફોડી બની રહી છે. ખેડૂતોમાં સરકાર દ્વારા સર્વે કરી અને સહાય આપવામાં આવે તેવી પણ લાગણી પ્રવર્તી રહી છે. ચોમાસા પછી જિલ્લામાં સતત બીજુ માવઠુ નોંધાયુ છે. જિલ્લામાં ૧૯મીએ પણ વરસાદ થવાનું હવામાન પૂર્વાનુમાન છે. આકાશ સતત વાદળછાયુ રહ્યુ હોવાથી પણ ખેડૂતોની ચિંતા વધી છે.

## યોજનાઓના સુચારૂ અમલ માટે તંત્ર ગ્રામાભિમુખ બની વંચિત લાભાર્થીઓને શોધે : અમીત શાહ



ગાંધીનગર, તા. ૧૮
ગ્રામીણ વિસ્તારના લોકોને વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભાલાભ સમજાવવા તેમજ યોજનાના લાભાર્થી બને તે માટે તંત્રએ ખાસ ઝુંબેશના સ્વરૂપે કામગીરી કરવી જોઈએ તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આજે દિશા બેઠકને સંબોધતા કહ્યુ હતુ.

તેમણે આ અંગે કહ્યુ કે ત્રણ મહિના સુધી પાયલોટ પ્રોજેક્ટમાં કેટલાક ગામો પસંદ કરી અને દરરોજ જુદા જુદા વિભાગના અધિકારીઓ જાય તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરી વિવિધ યોજનાઓની જાણકારી આપી લાભથી વંચિતોને ઓળખી કાઢી તેમને લાભ મળે તે જોવુ જોઈએ.

પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોની ખરીદી માટે એક ખાસ પ્લેટફોર્મ ઉભુ કરવા માટે સૂચવ્યુ હતુ અને તેમણે આ માટે વિવિધ સહકારી સંસ્થાઓ સાથે પરામર્શ કરી વેચાણની વ્યવસ્થાનું સુચારૂ આયોજન કરવા પર ભાર મુક્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રીએ પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડની કામગીરીને વેગીલી કરવા પર ભાર મુક્યો હતો. જિલ્લામાં ૧૦૦ ટકા

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



**સ્વ. મહેન્દ્ર એન. વ્યાસ**
જ.તા. ૧૩-૧૦-૧૯૬૩ | સ્વ. તા. ૧૫-૩-૨૦૨૩ ફાગણ સુદ આઠમ

મારા પિતાશ્રી શ્રી મહેન્દ્ર એન. વ્યાસ
તા. ૧૫-૩-૨૦૨૩ ફાગણ સુદ આઠમને બુધવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...

સદ્‌ગતનું બેસણું તા. ૧૯-૩-૨૦૨૩, રવિવાર,
સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન
સમસ્ત બ્રહ્મસમાજ હોલ, વિદ્યા લાયબ્રેરીની પાસે,
સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખેલ છે.

લિ. શોકાતુર
સ્મિતા મહેન્દ્રભાઈ વ્યાસ
મનન મહેન્દ્રભાઈ વ્યાસ

પિયરપક્ષનું બેસણું પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખવામાં આવેલ છે.
સમસ્ત એ. પી. ત્રિવેદી પરિવાર


## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીવ વિજ્ઞાનનુ પેપર સરળ વિદ્યાર્થીઓમાં હાશકારો

**એમ સી ક્યુ પુસ્તક આધારિત અને સરળ આકૃતિ વાળા દાખલા પણ ધારણા મુજબના પુછાયા : અજયસિંહ રાજપુત : બાયોલોજીના પેપરમાં ૨૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી**

ગાંધીનગર તા ૧૮
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના મધ્યાંતરે આજે ધો -૧૦ ના વિદ્યાર્થીઓને રજા રહી હતી જયારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષયની આકરી કસોટી બાદ જીવ વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી જીવ વિજ્ઞાનના પેપરમાં જિલ્લામાંથી નોંધાયેલા ૩૧૩૪ વિદ્યાર્થીઓ પૈકી ૩૧૦૫ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી જયારે ૨૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જીવવિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ રહેતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તા ૧૪ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવામાં આવી રહી છે. ધો -૧૦ માં પણ ગુજરાતી અને બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિતના પ્રશ્નપત્રો એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. જયારે સામાન્ય પ્રવાહમાં પણ અત્યાર સુધી એકંદરે પ્રશ્નપત્રો સરળ હોવાથી વિદ્યાર્થીઓને વિશેષ મુંઝવણનો સામનો કરવો પડયો નથી જો કે વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ દિવસે ભૌતિક વિજ્ઞાન નુ પેપર પણ વિદ્યાર્થીઓને પ્રમાણમાં અઘરુ અને અટપટુ લાગ્યુ હતુ જયારે રસાયણ વિજ્ઞાનની કસોટી પણ પરીક્ષાર્થીઓ માટે અઘરી પુરવાર થઈ હતી જેના લીધે વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓની થોડી મુંઝવણ વધી હતી પ્રથમ બે અઘરી પરીક્ષાના અંતે બાયોલોજીનુ પેપર કેવુ નિકળશે તે અંગે પણ વિદ્યાર્થીઓ વિચારમાં પડયા હતા જો કે જીવવિજ્ઞાનની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી અલબત્ત બાયોલોજીનુ પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ

● અનુસંધાન પાન-૭ પર



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

## મેશ્વો નદી પુનઃ જીવીત કરવાનું આયોજન છે

**છેલ્લા બે વર્ષમાં ટ્રાન્સફોર્મર ખેતીવાડી ક્ષેત્રના બંધ હોવાની ૨૩૧૮ ફરિયાદો મળી છે : જે ૭૨ કલાકમાં બદલેલ છે**

ગાંધીનગર, તા. ૧૮
આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ, જળસંપત્તિ, પાણી પુરવઠા, નાગરિક પુરવઠા, સહકાર વિભાગને લગતી પ્રશ્નોત્તરી રજુ થઈ હતી. ૧૧૪ પ્રશ્નો આજે રજુ થયા હતા.

વિધાનસભા ગૃહમાં બજેટ પર વિવિધ વિભાગોની માંગણીઓ પરની ચર્ચાનો આજે સાતમો દિવસ હતો. હવે સત્ર તેના અંતિમ ચરણ તરફ આગળ વધી રહેલ છે.

● **મેશ્વો નદી પુનઃ જીવીત કરવા બાબત**

સાબરમતી નદી બાદ ઉત્તર ગુજરાતમાં મેશ્વો નદી પુનઃ જીવીત કરવા અંગે ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લાના દહેગામ તાલુકામાં મેશ્વો નદીને પુનઃ જીવીત કરવાના આયોજન અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે હા આ અંગેનું આયોજન છે.

છેલ્લા બે વર્ષમાં આ અંગે થયેલ કામગીરીને લઈ પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે એક ચેકડેમ બનાવવામાં આવેલ છે.

આ ચેકડેમ બનતાં ૪ ગામોને તેનો ફાયદો થયો હોવાનું પણ મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **બંધ ટી.સી.ની ફરિયાદો**

ચાણસ્માના ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોરે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ કનેક્શનોમાં બંધ ટી.સી.ની મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં આવી સંખ્યા ૨૩૧૮ છે.

બદલેલ ટી.સી.નો સમય અને સંખ્યા અંગે પૂછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૭૨ કલાકમાં બદલેલ ટી.સી.નો સમય અને સંખ્યા ૨૩૧૮ છે.

તેમણે જણાવ્યુ છે કે બદલેલ ટી.સી. પૈકી પુનઃ પ્રસ્થાપિત કરતી વખતે બંધ થયેલ ટી.સી.ની સંખ્યા ૧૧૦ છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે સામાન્ય સંજોગોમાં ખેતીવાડી વીજ કનેક્શનોમાં બંધ ટ્રાન્સફોર્મરની ફરિયાદ મળ્યા બાદ તેને બદલવાનો સમયગાળો ૭૨ કલાકનો હોય છે.

● **માથાદીઠ દેવાની ગણતરી**

કોંગીના કીરીટ પટેલે રાજ્યની જનતાની માથાદીઠ આવક અને દેવા અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે હાલમાં ઉત્પાદન થયેલ છે તે મુજબ માથાદીઠ આવક રૂ. ૨,૧૪,૮૦૯ અંદાજવામાં આવેલ છે.

કોઈ ચોક્કસ તારીખે માથાદીઠ દેવાની ગણતરી માટે કોઈ માન્ય પદ્ધતિ પ્રસ્થાપિત નથી તેમ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **અને છેલ્લે...**

ધરોઈ ડેમમાંથી ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ વર્ષ-૨૦૨૨માં ૧૧૫ તળાવો ભરવામાં આવ્યા છે. આ તળાવો ભરવામાં આવતાં બે હજાર હેક્ટરમાં સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ થયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com